
જોસ માર્ટી


જાન ગ્લિટર અને કેથલીન થોમ્પસન





જોસ માર્ટી

જાન ગ્લિટર અને
કેથલીન થોમ્પસન



અનામ લોકોમાં હું એક
મોટા દુઃખ વિષે જાણું છું:
સંસારનું સૌથી મોટું દુઃખ
માનવની ગુલામી છે.




જોસ માર્ટી નો જન્મ સંયુક્ત રાજ્ય અમેરિકામાં ગૃહ યુદ્ધથી લગભગ દસ વર્ષ પહેલા, 1853 માં, ક્યુબામાં થયો હતો. એને લોકો પેપે કહેતા હતા, અને એનો પરિવાર ગરીબ હતો. એ અસામાન્ય ન હતું, કારણકે ક્યુબામાં ઘણા લોકો ગરીબ હતા. પેપેના માતા-પિતા સારા જીવનની શોધમાં સ્પેનથી ક્યુબા આવ્યા હતા. પણ ત્યાં એને કોઈ કામ મળ્યું નહીં. એ પણ અસામાન્ય ન હતું.



જોસના ગોડફાધર (ધર્મપિતા) એ એને સ્કૂલ જવા માટે પૈસા આપ્યા. જયારે પેપે તેર વર્ષના હતા, ત્યારે એણે કોલેજીઓ ડી સૈન પાબ્લોમાં પ્રવેશ લીધો. સ્કૂલના નિર્દેશક એક કવિ અને પત્રકાર હતા જે એક વધારે સારી દુનિયા બનાવવા માટે સમર્પિત હતા. એનું નામ રાફેલ મારિયા ડી મેંડીવ હતું. એ પેપેના શિક્ષક હતા. પછી એક દિવસ સ્પેનિશ અધિકારી આવ્યા - જે એ સમયે ક્યુબા પર શાસન કરતા હતા - અને મેંડીવને જેલમાં લઇ ગયા. એમના મતે મેંડીવ એક રાજનીતિક સરઘસમાં સામેલ થયા હતા. એ સમયે ક્યુબામાં એ એક અપરાધ હતો. પેપે જેલમાં મેંડીવને મળવા ગયા અને એ અનુભવને ક્યારેય ભૂલ્યા નહીં.


1868 માં ક્યુબામાં એક ક્રાંતિ ફાટી નીકળી. એનું નામ હતું દસ વરસનું યુદ્ધ. પેપે ફક્ત 15 વરસના હતા, મુક્તિ યોદ્ધા તરીકે યુદ્ધ કરવા બહુ નાના. પણ એણે ક્રાંતિની મહિમા વિષે એક લાંબી કવિતા લખી, જે એક ક્રાંતિકારી સમાચારપત્રમાં પ્રકાશિત થઈ. પછી સ્પેનિશ અધિકારીઓને એક પત્ર મળ્યો જે પેપે અને એના સૌથી સારા મિત્ર ફર્મીન વાલ્ડેઝે લખ્યો હતો, જેમાં એમણે લખ્યું હતું કે તેઓ ક્રાંતિના પક્ષમાં હતા. એ પછી પેપે અને ફર્મીનની ધરપકડ કરવામાં આવી.





અદાલતમાં કેસ ચાલતા પહેલા બંને છોકરાઓએ હવાનાની જેલમાં સાડા ચાર મહિના વિતાવ્યા. ફર્મીનને છ મહિનાની જેલની સજા કરવામાં આવી. પેપેને છ વરસની સખત મજૂરીની સજા કરવામાં આવી. એને સરકારી ખાણમાં પથ્થર તોડવા માટે લઈ જવામાં આવ્યા.

સોળ વરસની ઉંમરમાં, પેપેએ છ મહિના ધગધગતા તાપમાં એવું કામ કર્યું જે કોઈ પણ મજબૂત માણસને તોડી શકે. કેમકે એના પિતાના થોડા મિત્રો સેનામાં હતા, એટલે પેપેને એક નિયમિત જેલમાં લઈ જવામાં આવ્યા. પણ એ પહેલા જ અડધા આંધળા થઇ ગયા હતા. અને એને એક એવો ઘા વાગ્યો હતો જેનાથી એ જીવનભર હેરાન થયા. એ ઘા એને ત્યારે વાગ્યો જયારે એક ચોકીદારે એને એક લોખંડની સાંકળથી માર્યા.






1871 માં, સ્પેનિશ અધિકારીઓએ પેપેને જેલમાંથી મુક્ત કર્યા. પણ એણે એમને સ્પેન મોકલી દીધા. અઢાર વરસની ઉંમરમાં પેપેએ એના પરિવારને અને એના પ્રિય દેશને છોડી દીધા. પછી એ ક્યુબાની આઝાદી માટે લડવા અને મરવા માટે બે વાર ફરી ક્યુબા ગયા.

સ્પેનમાં એ સ્કૂલ ગયા. ત્યાં પેપેએ હાઈ સ્કૂલ ડિપ્લોમા અને કાયદાની ડિગ્રી મેળવી. એણે લખવાનું પણ ચાલુ રાખ્યું. એણે જે પહેલો લેખ લખ્યો એ ક્યુબામાં રાજનીતિક કેદીઓ સાથે દુર્વ્યવહાર વિષે હતો. એ લેખ ક્રોધ દર્શાવતો લેખ હતો. સ્પષ્ટ હતું કે માર્ટી જાણતા હતા કે એ ક્યા વિષય પર લખી રહ્યા છે. એનાથી એ પણ ખબર પડતી હતી કે માર્ટી માં એક મહાન લેખકના ગુણ હતા.

લાંબા સમય સુધી માર્ટી ને આશા હતી કે જો સ્પેન એક ગણતંત્ર બની જાય, તો પછી એ ક્યુબા સાથે સારો વ્યવહાર કરશે. એ સ્થિતિમાં, કદાચ ક્યુબાને સ્પેનથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર થવાની જરૂર ન રહે.

27 નવેમ્બર, 1871 માં, ક્યુબામાં તબીબી વિદ્યાર્થીઓના એક મોટા સમૂહને બંદી બનાવવામાં આવ્યા. સરકારી સૂત્રો પ્રમાણે, એ એક સ્પેનિશ સમર્થક સમાચારપત્રના સંપાદકની કબરનો અનાદર કરી રહ્યા હતા. આઠ છાત્રોની ગોળી મારીને હત્યા કરવામાં આવી. બીજા ત્રીસને કડક સજા ફરમાવવામાં આવી. એ પછી માર્ટીએ સ્પેન સાથે શાંતિપૂર્વક રહેવાની ક્યુબાની બધી આશા છોડી દીધી. હવે ક્યુબાને સ્પેનથી છુટા થવું જ પડશે.






1875 માં, જયારે માર્ટી બાવીસ વરસના હતા, ત્યારે એને સ્પેન છોડવાની અનુમતિ આપવામાં આવી. પણ તો પણ એને ક્યુબા પાછા ફરવાની અનુમતિ ન મળી. એટલે, એ મેક્સિકો ચાલ્યા ગયા. ત્યાં, એ એના પરિવાર સાથે રહી શકતા હતા, અને સાથે એના દેશની નજીક પણ રહી શકતા હતા.

મેક્સિકોમાં, માર્ટી એક વક્તા અને એક પત્રકાર તરીકે પ્રખ્યાત થયા. એમણે એક સફળ નાટક લખ્યું જે મેક્સિકો શહેરમાં પ્રદર્શિત કરવામાં આવ્યું. પછી માર્ટી એક પ્રસિધ્ધ સાહિત્યિક સમૂહના ભાગ બની ગયા. માર્ટી ક્યુબાની એક મહિલા કારમેન જાયસ બઝાનને મળ્યા અને થોડા સમયમાં એની સગાઈ થઇ ગઈ.

1877 માં, માર્ટી ક્યુબા પાછા ફર્યા. એ માટે એણે ખોટા નામનો ઉપયોગ કર્યો અને પોલીસથી ઓળખાયા વગર એક મહિના સુધી રહેવામાં સફળ રહ્યા. પણ એ ત્યાં કામ કરી શક્યા નહીં. એને થોડા સમયમાં સમજાઇ ગયું કે ક્યુબા છોડયા પછી એ એના દેશ માટે ઘણું વધારે કરી શકતા હતા. આ વખતે એ ગ્વાટેમાલા ગયા. ત્યાં એ ઇતિહાસ અને સાહિત્યના પ્રોફેસર બની ગયા. એણે એક સાહિત્યિક પત્રિકા શરુ કરવામાં મદદ કરી અને બીજું એક નાટક લખ્યું. એણે એક પ્રસિદ્ધ કવિતા "લા નીના ડે ગ્વાટેમાલા" પણ લખી.


પછી માર્ટી મેક્સિકો પાછા ફર્યા, અને ડિસેમ્બર 1877 માં એના અને કારમેનના લગ્ન થયા.






ક્યુબાની સ્વતંત્રતા માટે દસ વર્ષનું યુદ્ધ 1878 માં સમાપ્ત થયું, અને જોસ અને કારમેન માર્ટી ક્યુબા ચાલ્યા ગયા. પણ માર્ટી ને બહુ જલ્દી લાગ્યું કે યુદ્ધ સમાપ્ત કરવા માટે સ્પેને જે વાયદા કર્યા હતા, એ બધાને એ તોડી રહ્યા હતા. પછી એણે એનો અવાજ બુલંદ કર્યો. એણે સાર્વજનિક રૂપથી કહ્યું કે ક્યુબાને સ્વતંત્ર થવું જોઈએ. સ્પેનિશ ગવર્નરે કહ્યું કે એ અપરાધ માટે માર્ટી ની ધરપકડ કરવામાં આવશે અને એના પર અદાલતી મામલો ચલાવવામાં આવશે, જો એ સમાચારપત્રોમાં એવી ઘોષણા નહીં કરે કે એ સ્પેનનું સમર્થન કરે છે.

જોસ માર્ટીએ કહ્યું, "જનરલને કહો કે માર્ટી એવો માણસ નથી જેને ખરીદી શકાય." એ પછી માર્ટી ને સ્પેન મોકલવામાં આવ્યા.



માર્ટી એકલા સ્પેન ગયા. એની પત્ની એના બાળક સાથે ક્યુબામાં રહ્યા. અફસોસની વાત છે કે માર્ટીના લગ્ન વધારે સમય સુધી ટક્યા નહીં. કારમેન એક સુરક્ષિત, શાંત જીવન ચાહતા હતા અને જો માર્ટી સ્પેન વિરુદ્ધ બોલવાનું ચાલુ રાખે તો એ સંભવ ન હતું.

માર્ટી ને સ્પેનમાં થી ભાગવામાં વધારે સમય ન લાગ્યો. એ ન્યુયોર્ક શહેર ગયા, અને મધ્ય અને દક્ષિણ અમેરિકાની થોડી નાની યાત્રાઓ છોડીને, એ આગળના ચૌદ વરસ ત્યાં જ રહ્યા. જોકે એ એની સુંદર કવિતાઓ લખતા રહ્યા, પણ એણે એનો અધિકાંશ સમય ક્યુબામાં બીજી એક ક્રાંતિનું આયોજન કરવામાં વિતાવ્યો.




ક્રાંતિ 24 ફેબ્રુઆરી, 1895 માં શરુ થઈ. 1 એપ્રિલના માર્ટી સેન્ટો ડોમિન્ગોથી ક્યુબા માટે રવાના થયા. એને ક્યુબા રેવૉલ્યુશનરી પાર્ટીના પ્રતિનિધિ નીમવામાં આવ્યા, જેની એણે સ્થાપના કરી હતી. એણે રાષ્ટ્રપતિ પદ સ્વીકાર કરવાની ના પાડી દીધી. આ સ્વતંત્રતા મેળવવા માટે એણે પોતાના જીવનભર કામ કર્યું હતું.

11 એપ્રિલ ના, માર્ટી પ્લેયિટસના સમુદ્ર તટ પર ઉતર્યા.

ક્રાંતિના લશ્કરી નેતાઓએ માર્ટી ને પૃષ્ઠભૂમિ પર રહેવાનો આદેશ આપ્યો. એનું જીવન લડાઈના જોખમમાં નાખવા કરતા વધારે મૂલ્યવાન હતું. પણ માર્ટી એ પ્રકારની વ્યક્તિ ન હતા. 19 મે ના, સ્પેને હૂમલો કર્યો. માર્ટી એના ઘોડા પર સવાર થઈને લડવા માટે નીકળ્યા. ડોસ રફોસ, જ્યાં બે નદીઓ મળે છે, ત્યાં ગોળી મારીને એની હત્યા કરવામાં આવી.







એટલે, જોસ માર્ટીના મૃત્યુ પછી પણ, ક્યુબા સ્પેનથી મુક્ત રહ્યું. એની યાદ ત્યાં સુધી રહેશે જ્યાં સુધી ક્યુબાને પ્રેમ કરવાવાળા લોકો રહેશે. અને એની કવિતાઓ હંમેશા અમર રહેશે.

મારી કવિતાઓ બહાદુરોને ખુશ કરશે;

એ નિષ્ઠાવાન અને સંક્ષિપ્ત છે,

મારી કવિતા સ્ટીલ જેટલી મજબૂત છે

જેનાથી તલવાર બનાવી શકાય છે!